હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

સળંગ અંક : ૭૩૨, વર્ષ : ૩૨

અંક : ૦૬ માર્ચ–૧૬, ૨૦૧૯

# ઉદીચ્ય

HNGU
HEMCHANDRACHARYA
NORTH GUJARAT
UNIVERSITY, PATAN

Re-Accredited "A" 3.02 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

પ્રશસ્ત હતું એવું પટ્ટણ સુલાડીલું હેમનું.
હતું ? હજીય ઓ રહ્યું ! હતું કહેવું તોય રહ્યું.
વિલુપ્તસલિતા છતાં વહી સરસ્વતી પ્રાજ્ઞનાં
પ્રફુલ્લ પ્રતિભાજલે સભર કાળવેળુ વીંધી,
વિલુપ્ત સમી એય; ને નવલ રાજ્યરંગો ચગ્યા,
ક્ષણાર્ધ ટકીને શમ્યા, શમી સમૃદ્ધિની પૂર્ણિમા.

**ઉમાશંકર જોશી**

દક્ષિણના પાંડિત્યરૂપે પૂર્વ–ઉત્તરમીમાંસાનો પહેલવહેલો ગંભીર આભાસ ગુજરાતને હેમચંદ્રાચાર્યે જ કરાવ્યો. દૂર દૂરના દેશો તક્ષશિલા અને કાશ્મીરની વિદ્યાઓને ગુજરાતમાં લાવનાર કોણ હતું ? તે સમયે ત્યાં પહોંચવું કે ત્યાંથી કંઈ મેળવવું બહુ દુષ્કર હતું; પણ હેમચંદ્રાચાર્યના વિદ્યાકોષે કાશ્મીરની સરસ્વતીને ગુજરાતમાં લાવી મૂકી હતી.

**પં. સુખલાલજી**

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

મા સરસ્વતીના કાંઠે આવેલી કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના નામ સાથે જોડાયેલી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના મેડીકલ ફેકલ્ટીના ડીનના હોદ્દાની રૂએ કા. કુલપતિ તરીકે ૭ મી માર્ચ, ૨૦૧૯ના રોજ જોડાવાનું બન્યુ છે જે મારે મન આનંદ અને ગૌરવની બાબત છે, સાથે જ એક વિશેષ ઉતરદાયિત્વની સભાનતા પણ કેળવવાની છે. આમ, જોવા જઈએ તો ‘‘નામ એનો નાશ છે’’, ‘‘નામમાં શું રાખ્યું છે’’ વગેરે પ્રાકૃત વિધાનો આપણે સંસારની અસારતા અને મોહમાયાના ત્યાગના પરિપ્રેક્ષ્યમાં જાણે – અજાણ્યે પ્રયોજતા હોઈએ છીએ અને આ કેટલેક અંશે સત્ય છે. પણ જ્યારે કોઈ સંસ્થા, યુનિવર્સિટી, પ્રદેશ કે રાષ્ટ્રનું નામકરણ હોય ત્યારે તેનું આગવુ મહત્વ હોય છે. તેના નામને સાર્થક કરવા સંસ્થાના પ્રત્યેક ઘટકથી, પ્રત્યેક સ્તરના માનવ સંસાધને સંકલ્પબધ્ધ બની કર્તવ્યપથ પર અવિરત આગળ વધવાનું છે. વત્તા – ઓછા અંશે પણ તેની ગરિમા – ગૌરવને હાનિ ન પહોંચે તે જોવાનું આપણા સૌનું કર્તવ્ય બની રહે છે. આપણી યુનિવર્સિટીના નામ સાથે આચાર્ય મુનિ ભગવંત હેમચાંચાર્યનું નામ જોડાયુ છે ત્યારે આ નામને દિન–પ્રતિદિન વધુ ને વધુ દેદીપ્પમાન કરવાની આપણા સૌની ફરજ છે.

શ્રી અને સંસ્કાર નગરી પાટણની સ્થાપના વિ.સં.૮૦૨ માં વનરાજ ચાવડાએ કરી હતી. સોલંકીકાલીન સમયમાં અને ખાસ કરીને સિધ્ધરાજ જયસિંહના કાર્યકાળમાં તેની યશઃ પતાકા દેશ– વિદેશમાં લહેરાતી હતી. પશ્ચિમ ભારતનું સમૃધ્ધ અને શક્તિશાળી રાજ્ય હતુ. પાટણની સીમાઓ ઉત્તરે અજમેર, દક્ષિણમાં લાટ, પૂર્વમાં માળવા અને પશ્ચિમમાં કચ્છ– સૌરાષ્ટ્ર સુધી વિસ્તરેલી હતી. રાજકીય, આર્થિક, સાંસ્કૃતિક અને ધાર્મિક એમ પ્રત્યેક દષ્ટિકોણથી ઉન્નતિના શિખરો સર કર્યા હતા. કળા અને સંસ્કૃતિને ઉજાગર કરતા શિલ્પ–સ્થાપત્યો, મંદિરો, રાણીનીવાવ, સહસ્રલીંગ સરોવર અને સરોવરના કાંઠે આવેલા વિદ્યાલયો, છાત્રાવાસો, ઉપાશ્રયો અને સાંયકાળે શિવમંદિરોમાં થતી આરતીના સરોવરમાં પડતા પ્રતિબિંબો અને ઘંટનાદના ધ્વનીથી રમણીય બનતુ વાતાવરણ, પાટણની પરંપરા પ્રમાણે લક્ષ–કોટી સંપન્નતા ધરાવતા શ્રેષ્ઠીઓ, સદ્‌ગૃહસ્થોના ભવ્ય આવાસો ઉપર સાયંકાળે પ્રગટાવવામાં આવતા દિવા અને ફરકતી ધજાઓથી નગરની શોભામાં અભિવૃધ્ધિ થતી હતી.

આ અરસામાં પાટણ એક વિદ્યાકેન્દ્ર તરીકે પ્રસ્થાપિત થઈ ચૂક્યુ હતુ. પાટણની વિદ્યોપાસના ના કેન્દ્રમાં હતા આચાર્ય હેમચંદ્રાચાર્ય ગુજરાતી ભાષા–સાહિત્યની અસ્મિતાના છડીદાર, ગુર્જર દેશના રાજા અને પ્રજા ઉભય પક્ષના સંસ્કાર ઘડતરના નિર્માતા, અધ્યાત્મના ઉન્નત શિખરો સર કરેલા નિઃ સ્પૃહી સાધુ એવા યુગ પુરુષ, (ગુજરાતની પ્રજામાં અહિંસા અને શાકાહારી સંસ્કૃતિના મૂળમાં પણ આચાર્યશ્રીનું વિશેષ યોગદાન રહયું છે.)

હેમચંદ્રાચાર્ય વિના સોલંકીયુગના સુવર્ણકાળના સિમાડા કદાચ ભૌતિક સમૃધ્ધિ પૂરતા જ સીમાબધ્ધ રહ્યા હોત પરંતુ આચાર્યની જ્ઞાનોપાસનાએ ગુજરાતની એક આગવી ઓળખ સિધ્ધ કરવામાં અહમ ભૂમિકા ભિભાવી છે. સિધ્ધહેમશબ્દાનુશાસન, દ્વયાશ્રય, કાવ્યાનુશાસન, અભિધાન ચિંતામણી, કાવ્યસંગ્રહ, નિઘંટુશેષ, દેશીનામમાલા, વીતરાગસ્તોત્ર, ત્રિષષ્ટિશલાકા પુરુષ, પ્રમાણમીમાંસા, યોગશાસ્ત્ર, મહાદેવસ્તોત્ર વગેરે અનેક ગ્રંથોનું સર્જન કર્યું છે. આચાર્યે ત્રણ કરોડ શ્લોકની રચના કરી છે. આથી જ ડૉ.

પિટર્સને "Ocean of Knowledge" કહીને નવાજ્યા છે જે યથાર્થ છે. 'સિધ્ધહેમશબ્દાનુશાસન' ગ્રંથ નિર્માણ ના મૂળમાં સિધ્ધરાજની રાષ્ટ્રભાવના રહેલી છે. સિધ્ધરાજે માળવાના રાજા યશોવર્માને હરાવી રાજા ભોજનો ''સરસ્વતી ભંડાર'' પાટણમાં લાવ્યા. માળવા ઉપર વિજય તો મેળવ્યો પરંતુ પાટણના વિદ્યાલયોમાં રાજાભોજ કૃત 'સરસ્વતીકંઠાભરણ' વ્યાકરણ ભણાવવામાં આવતુ હતુ. સિધ્ધરાજને આની ખબર પડતાં માળવા વિજયનો ઉત્સાહ ઝાંખો પડયો. ભૌતિક દૃષ્ટિએ વિજય મેળવ્યા છતાંય વિદ્યા – ઉપાસનામાં ઉણપ વર્તાણી. સિધ્ધરાજે આચાર્યને વિનંતી કરી ''સરસ્વતીકંઠાભરણ''ની હરોળમાં ઉભુ રહી શકે તેવો વ્યાકરણગ્રંથ ''સિધ્ધહેમશબ્દાનુશાસન'' તૈયાર કરાવ્યો. તેને હાથીની અંબાડી ઉપર પધરાવી રાજા સ્વયં પગે ચાલી શોભાયાત્રા કાઢી. ૩૦૦ લહીયાઓ બેસાડી સવાલક્ષ પ્રતો તૈયાર કરાવી નેપાળ, અફઘાનિસ્તાન, આસામ, કાશ્મીર અને દેશના વિવિધ પ્રદેશોમાં તેને મોકલી આપી. જ્ઞાન ઉપાસનાના વધામણાનું આ વિશ્વપ્રસિધ્ધ ઉદાહરણ છે. આ પાટણનું – ગુજરાતનું – ભારતનું વિશેષતઃ આપણા સૌનું ગૌરવ છે.

વિદ્યાપુરુષ શિરોમણી આચાર્યની જ્ઞાનોપાસના આપણા સૌના માટે પ્રેરણાસ્તોત્ર બની જ્ઞાનવારસાના સંરક્ષણ, સંવર્ધન અને પ્રચાર–પ્રસારની જવાબદારીના વહન માટે યુનિવર્સિટી પ્રત્યે સમર્પિત ભાવથી કટીબધ્ધ થવાની આપણી નૈતિક ફરજનું ભાન કરાવે છે.

અલાઉદીન ખીલજીના સૂબા ઉલુપખાને પાટણ ઉપર ચડાઈ કરતા પાટણનું પતન થયુ અને કર્ણ વાઘેલા અંતિમ રાજા બની રહયો. ત્યારબાદ પાટણ મુસ્લિમ શાસન હેઠળ આવ્યુ. અહમદશાહે પાટણથી રાજધાની અમદાવાદ ખસેડતાં પાટણની રહી સહી જાહોજલાલીનો પણ અંત આવ્યો. ૧૭ મે, ૧૯૮૬ ના રોજ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવતાં તેને પુનઃ સરસ્વતીધામ તરીકે પ્રસ્થાપિત થવાની તક સાંપડી છે. પરંતુ આ ત્યારે શક્ય બને કે આપણી જ્ઞાનોપાસનાના તેજથી યુનિવર્સિટી ઝળહળતી હોય. આપણા વિદ્યાર્થીઓ, અધ્યાપકો, સત્તામંડળો, વહીવટદારો એમ તમામ સ્તરેથી યુનિવર્સિટી સૌને આર્કષીત કરતી હોય. પ્રર્વતમાન સમયમાં યુનિવર્સિટીઓએ અનેક પરિબળોનો સામનો કરવાનો આવતો હોય છે. પરંતુ એ પણ નકકર વાસ્તવિક્તા છે કે આજ સમયમાં IIT, IIM વગેરે શૈક્ષણિક સંસ્થાઓએ ખૂબ જ પ્રતિષ્ઠા મેળવી છે.

સંસ્થાની પ્રતિષ્ઠાની ગૌરવપ્રદ ઘટના અત્રે યાદ આવે છે. અંગ્રેજોનું ભારત ઉપર શાસન પ્રર્વતતુ હતુ. ભારત ઉપરાંત પણ વિશ્વના ઘણા બધા દેશોમાં અંગ્રેજોની આણ વર્તાતી હતી. આફ્રિકાની યુનિવર્સિટીઓમાં અધ્યાપકોની જરૂર પડી. આ માટે દક્ષિણ ભારતની યુનિવર્સિટીઓ અને પશ્ચિમ બંગાળના ''શાંતિનિકેતન'' માંથી અધ્યાપકોને આફ્રિકા બોલાવવામાં આવ્યા. એક વર્ષબાદ પગારમાં વધારો કરવામાં આવ્યો. પરંતુ પગાર વધારામાં વિસંગતતા હતી. સમાન લાયકાત, સમાન અનુભવ ધરાવતાં અધ્યાપકો વચ્ચે પગાર વધારામાં વિસંગતતા હોવાથી અધ્યાપકોએ જવાબદાર અધિકારીને રજુઆત કરી. અધિકારીશ્રીએ પ્રત્યુત્તરમાં કહ્યુ જે કાર્યવાહી કરી છે તે યોગ્ય છે. સમાન લાયકાત, સમાન અનુભવ હોવા છતાંય જેમનો પગાર વધારો વધુ છે તે અધ્યાપકો શાંતિનિકેતન ના છે. તેમની કાર્યશૈલી નો એક વિશેષ પ્રભાવ રહયો છે.

શું આપણી યુનિવર્સિટી પણ આવી વિશેષ નામના ન મેળવી શકે? શું આપણા માટે આ અઘરુ છે? ના. આપણા માટે અઘરું નથી. આ માટે જરૂર છે આપણે સંગઠીત થવાની, સંકલ્પબધ્ધ થવાની અને સમર્પિત થવાની. આપણી વિકાસયાત્રાને અવરોધતા તત્વોને જડમૂળથી ઉખાડી નાંખવાની સિંહગર્જના કરવાની. આપણે એ ભારતભૂમિના સંતાનો છીએ કે જયાં સ્વર્ગમાંથી ગંગા ને પૃથ્વી ઉપર અવતરણ કરાવવા સામર્થ્યવાન છીએ. ગંગા અવતરણનો સૌ પ્રથમ પ્રયાસ સગર રાજાએ શરૂ કરેલો. ત્યારબાદ તેમના વંશજોએ આ તપ – સાધનાનો તંતુ સાધી તેને સાતત્યતાપૂર્ણ આગળ ધપાવતા રહ્યા. અંતે સગર રાજાથી શરૂ થયેલી આ યાત્રાનો અંત ભગીરથ રાજાની સાધનાથી આવ્યો. (અને આજે વિશ્વમાં એક માત્ર ગંગાનદીનું જળ જ એવુ છેકે તે બગડતુ નથી, જે વિજ્ઞાન દ્વારા સિધ્ધ થઈ ચૂક્યું છે.)

આપણી યુનિવર્સિટીના આધ કુલપતિશ્રી યાજ્ઞિક સાહેબથી શરૂ થયેલી આ જ્ઞાનગંગા ના અવતરણની તપસ્યાને પ્રોફે. બી. એ. પ્રજાપતિ સાહેબ સુધીના કર્ણધારોએ જ્ઞાનસાધનાની ધૂણી ધખાવી તેને સદૈવ તેજોમય બનાવવાના પ્રયાસો કર્યા છે. તે સૌને વંદન કરી, તેમના અંતરના આશીર્વાદ લઈ, વિદ્યાવ્યાસંગી આચાર્ય હેમચાંચાર્યના નામ સાથે જોડાયેલી આપણી યુનિવર્સિટીને રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય સ્તરના ઉન્નત શિખરો સર કરાવી આચાર્યનું ઋણ અદા કરવા આપ સૌને આ જ્ઞાનયજ્ઞમાં આહૂતિ આપવા સાદર નિમંત્રણ પાઠવું છું.

તા. ૧૬-૦૩-૨૦૧૯
પાટણ.

**ડૉ. અનિલ નાયક**
કુલપતિ

## નિમણૂક



હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના કુલપતિપદનો કાર્યભાર યુનિવર્સિટીની મેડીકલ ફેકલ્ટીના ડીન ડૉ. અનિલભાઇ નાયકે તા. ૭–૩–૨૦૧૯ના રોજ સંભાળી લીધેલ છે. ડૉ. નાયક આ પૂર્વે કારોબારી સભ્ય તરીકે પણ રહી ચૂક્યા છે. સમગ્ર યુનિવર્સિટી પરિવાર, કારોબારી સભ્યશ્રી શૈલેષભાઈ પટેલ, આચાર્યશ્રીઓ, પાટણના મેડીકલ ક્ષેત્રના અગ્રગણ્ય નાગરિકો, પાટણના પ્રતિષ્ઠિત નાગરિકોએ શુભેચ્છા પાઠવી હતી.

# યુનિવર્સિટી ન્યુઝ

## સન્માન

































હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કર્મચારી કલ્યાણ ટ્રસ્ટ પાટણ દ્વારા યુનિવર્સિટીના કુલપતિ અને કર્મચારી કલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ડૉ. અનિલ નાયકનો સન્માન કાર્યક્રમ તા. ૧૮-૩-૨૦૧૯ના રોજ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે કુલપતિશ્રીએ સૌના સાથ સહકારથી યુનિવર્સિટીના વિકાસમાં અગ્રેસર થઈ શકીશું તેમ જણાવ્યું હતું. વધુમાં તેમણે કર્મચારીઓમાં સંગઠનની ભાવનાને બળવત્તર કરવા ઉપર ભાર મૂક્યો હતો. કર્મચારી કલ્યાણ ટ્રસ્ટના પ્રમુખ રાજેશ ઝાલા, કા. કુલસચિવ ડૉ. ડી.એમ. પટેલ, યુનિવર્સિટીના અધિકારીઓ, અધ્યાપકો, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# કૉલેજ ન્યુઝ

## એન.એસ.એસ.

❊ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધનસુરામાં એન.એસ.એસ.ના ઉપક્રમે મામલતદારશ્રી ધનસુરાની ઉપસ્થિતિમાં તારીખ ''૨૫મી જાન્યુઆરી મતદાતા દિવસ''ની ઉજવણી કરવામાં આવી હતી. અને પ્રા. ડૉ. એમ.વી. દેસાઇએ વિદ્યાર્થીઓમાં મતદાન અંગે જાગૃતિ કેળવાય તે અંગે માહિતી આપી હતી.

❊ નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ સોશિયલ ડિફેન્સ, મિનિસ્ટ્રી ઓફ સોશિયલ જસ્ટીસ એન્ડ એમ્પાયર, ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર તેમજ ડી.ડી. ઠાકર આર્ટ્સ અને કે.જે. પટેલ કોમર્સ કૉલેજ, ખેડબ્રહ્માના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય સેવા યોજના તથા એન.સી.સી. વિભાગ દ્વારા અરુણસિંહ ભાટી (જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી, જિલ્લા પંચાયત સાબરકાંઠા, હિંમતનગર)ની અધ્યક્ષતામાં ''ડ્રગ્સ એબ્યુઝ પ્રિવેન્શન'' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પ્રસંગને અનુરૂપ સાગર એકેડેમી હિંમતનગરના કલાકારો દ્વારા વ્યસન મુક્તિ ઉપરનું શેરી નાટક 'તમાકુ મુક્ત સમાજની રચના' પ્રસ્તુ કરવામાં આવ્યું હતું.

❊ એચ.એસ. શાહ કૉલેજ ઓફ કોમર્સ, મોડાસામાં રાષ્ટ્રીય સેવા યોજના એકમના સહયોગથી તાલીમ શિબિર યોજવામાં આવી હતી. આ શિબિરના ઉદ્‌ઘાટન સમારોહમાં ડૉ. કમલકુમાર કર, રીજીયોનલ ડાયરેક્ટર, એન.એસ.એસ., ડૉ. દર્શના જોષી, ગુજરાત રાજ્ય એન.એસ.એસ. અધિકારી તથા હે.ઉ.ગુ.યુનિ., સંલગ્ન એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર ડૉ. જે.ડી. ડામોર ઉપસ્થિત રહ્યા હતાં.

❊ આર્ટ્સ કૉલેજ, પાટણના એન.એસ.એસ. યુનિટ દ્વારા પાટણ તાલુકાનાં ધારપુર ગામમાં તા. ૩૦-૧૨-૨૦૧૮ થી તા. ૫-૧-૨૦૧૯ સુધી જનજાગૃતિ શિબિર યોજનામાં આવી હતી. ડૉ. જે.એચ. પંચોલી ઉદ્‌ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. જનજાગૃતિ રેલી, અંધશ્રદ્ધા નિવારણ, સર્વરોગ નિદાન કેમ્પનું, પશુ સારવાર કેમ્પ તેમજ ડૉ. પરિક્ષિતભાઇ બારોટનું વ્યક્તિત્વ વિકાસ વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. આ ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમો દહેજપ્રથા, વ્યસનમુક્તિ, અંધશ્રદ્ધા, બેટી બચાવો વગેરે કરવામાં આવ્યા હતાં.

## આરોગ્ય

વડાલી આર્ટ્સ કૉલેજમાં તા. ૨૧-૧-૨૦૧૯ના રોજ 'રક્તદાન જાગૃતિ' અંગેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આત્મવલ્લભ હોસ્પિટલ, ઇડરના શીતલભાઇ મોડાસિયાએ રક્તદાનનું વૈજ્ઞાનિક તથા સામાજિક અને આર્થિક મહત્ત્વ સમજાવ્યું હતું.

## ઓરિએન્ટેશન

૫ જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીમાં યુ.જી.સી. નેટ-જે.આર.એફ/જીસેટ પર રાજ્યકક્ષાનો ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મનોવિજ્ઞાનમાં પ્રા. ડૉ. અશોક પ્રજાપતિ (ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર), અર્થશાસ્ત્રમાં પ્રા. ડૉ. હસ્તિમલ સાગરા (જીએલએસ યુનિવર્સિટી, અમદાવાદ), ગુજરાતીમાં પ્રા. ડૉ. રાજેશ મકવાણા (આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, મહેસાણા), સંસ્કૃતમાં પ્રોફે. ડૉ. દિલીપ પટેલ (હેમ.ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણ) તથા કોમર્સમાં પ્રા. ડૉ. પાર્થ ભટ્ટે (અમદાવાદ) માર્ગદર્શન આપ્યું હતું.

## ઈન્ટરવ્યુ

તા. ૮-૧-૨૦૧૯ના રોજ શ્રીમતી ટી.એસ.આર. કોમર્સ કૉલેજ, પાટણમાં Reliance Nippon Insurance Company Limited દ્વારા Campus Placement and job Fair કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

## કૉલેજનું ગૌરવ

૩૪મો ઈન્ટર યુનિવર્સિટી વેસ્ટઝોન યુથ ફેસ્ટીવલ અંતર્ગત સાવિત્રીબાઇ ફૂલે પુને યુનિવર્સિટી પુના ખાતે યુવક મહોત્સવ યોજાયો હતો. જેમાં શ્રીમતી ટી.એસ.આર. કોમર્સ કૉલેજની વિદ્યાથિનૃી જોષી પૂજા પિયુષભાઇ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ અંતર્ગત પાશ્ચત્યકંઠ્ય સંગીતમાં પ્રતિનિધિત્વ કરી મેડલ મેળવેલ છે.

## ગાંધીજયંતી

સ્વામી વિવેકાનંદ સર્વોદય બેંક એજ્યુકેશન કૉલેજ, મહેસાણામાં ગાંધીનિર્વાણ દિન નિમિત્તે પ્રિ. પ્રહલાદભાઇ સુથાર રચિત હાઇકુના માધ્યમ દ્વારા ગાંધી વિચારના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીજીના કાર્યો અંગેના ફોટોગ્રાફ સાથેના કટિંગ તથા તેમની બહુમૂલ્ય તસ્વીરોનું પ્રદર્શન ગોઠવ્યું હતું.

## ગ્રાન્ટ

તા. ૧૧-૧-૨૦૧૯ના રોજ કેસીજી ખાતે રૂસા અંતર્ગત રૂપિયા ૨ કરોડની મળેલ માતબર ગ્રાન્ટ અંગે કૉલેજ તથા કેસીજી વચ્ચે એમઓયુ સાઈન કરવામાં આવ્યા હતા. આ ગ્રાન્ટ અંતર્ગત કૉલેજમાં અદ્યતન ગ્રંથાલય તથા બિલ્ડીંગનું રિનોવેશન અને આધુનિક ટેક્નોલોજીથી કોલજને સજ્જ કરવામાં આવશે. તા. ૧૮-૧-૨૦૧૯ના રોજ કૉલેજની એન્ડ્રોઇડ એપ્લેશન (ડી.ડી. ઠાકર આર્ટ્ અને કે.જે. પટેલ કોમર્સ કૉલેજ) લોન્ચ કરવામાં આવી હતી.

## ટેબલેટ વિતરણ

❊ આર્ટ્સ અને કોમર્સ કૉલેજ, ખેડબ્રહ્મામાં ગુજરાત સરકારની નમો-ઇ ટેબ યોજના અંતર્ગત ટેબલેટ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કૉ-ઓર્ડીનેટર પ્રા. ડી.બી. સોન્દરવાએ આ યોજનાનું મહત્ત્વ સમજાવી અભ્યાસમાં ટેબલેટ કેવી રીતે ઉપયોગી નિવડે તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

વુમન સેલ અંતર્ગત તા. ૮-૧-૨૦૧૯ના રોજ વિદ્યાર્થિનીઓ માટે શારીરિક સજ્જતા અને રમતગમતની તાલીમનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રા. બિંદુબેન એચ. ગોસ્વામી, ફિઝીકલ ડાયરેક્ટર, એસ.બી. મહિલા કૉલેજ, હિંમતનગરનું વિશેષ માર્ગદર્શન મળ્યું હતું.

તા. ૪-૧-૧૯ના રોજ પ્રિ. ડૉ. મિતેષ પટેલ, એમ.સી.એ. કૉલેજ,

વિદ્યાનગરી, હિંમતનગર દ્વારા 'વુમન ઈમ્પાવરમેન્ટ ઇન ડીઝીટલ ઈન્ડિયા' વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

❊ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુર ખાતે 'નમો ટેબ્લેટ'નું વિતરણ કરવાનો કાર્યક્રમ તા. ૮–૧–૨૦૧૯ના રોજ કરવામાં આવ્યો હતો.

## તાલીમ

મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુરમાં રીડીંગ સ્કીલ અને ઇન્ટરવ્યું સ્કીલ અંગે તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શ્રી રીકેશભાઇ ગુર્જર દ્વારા તાલીમ આપવામાં આવી હતી.

## નેટ/સ્લેટ

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી વડોદરા દ્વારા લેવાયેલ જીએસએલઈટીની આસીસ્ટન્ટ પ્રોફેસર પરીક્ષામાં ઠાકોર લાલજી પરબતજી ઉત્તીર્ણ થયા છે.

## મહિલા સશક્તિકરણ

❊ શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ. ગુરૂ કોમર્સ કોલેજ, ઊંઝામાં તા. ૨૨–૦૨–૨૦૧૯ના રોજ વુમન સેલ અંતર્ગત ''મહિલા સશક્તિકરણ'' વિષય પર વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી.

❊ તા. ૨૧–૦૨–૨૦૧૯ના રોજ હેલ્થ એન્ડ હાઈજીન કમિટીના ઉપક્રમે એચ.બી. ટેસ્ટીંગ અને બ્લડગ્રુપ ચેકીંગનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ડૉ. એ. જે. પટેલે બ્લડ સંબંધી માહિતી આપી હતી.

❊ તા. ૩૦–૦૧–૨૦૧૯ના રોજ ગુજરાતી ફિલ્મ 'ઓર્ડર ઓર્ડર'ના કલાકારો દ્વારા ફિલ્મની પ્રમોશન ઈવેન્ટ યોજવામાં આવી હતી.

❊ તા. ૩૦–૦૧–૨૦૧૯ના રોજ એન.સી.સી. યુનિટની મુલાકાતે સાત બટાલિયન એન.સી.સી. મહેસાણાના સી.ઓ. કર્નલ પી.એસ. નિકમ આવી એન.સી.સી.ના કેડેટ્સને 'બી' અને 'સી' સર્ટી એકઝામ અને એન.સી.સી.ના આધારે વિવિધ ભરતીઓમાં એના લાભ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

❊ તા. ૬ ફેબ્રુઆરીના રોજ 'વ્યક્તિત્વ વિકાસ અને કોમ્યુનિકેશન સ્કીલ' વિષય પર ડૉ. વી.બી. પટેલનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું. અને રંગોલી સ્પર્ધા, મહેંદી સ્પર્ધા તથા વેસ્ટમાંથી બેસ્ટ, એકપાત્રીય અભિનય, ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

❊ મહેસાણા જિલ્લા સહકારી સંઘના સહયોગથી યુવક સહકારી શિક્ષણ વર્ગ યોજવામાં આવ્યો હતો.

❊ તા. ૦૫–૦૨–૨૦૧૯ના રોજ ઇન્ટરકલાસ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વોલીબોલ, ક્રિકેટ, કબડ્ડી જેવી સ્પર્ધાઓ કરવામાં આવી હતી.

❊ શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણના મહિલાસેલ અને સરસ્વતી મેડીકલ કોલેજ, ધારપુરના સંયુક્ત ઉપક્રમે તા. ૧૦–૧–૨૦૧૯ના રોજ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૫૦ બોટલ બ્લડડોનેટ કરવામાં આવ્યું હતું. તેમજ પાટણના વકીલ કુ. સંધ્યાબેન પ્રધાનના 'મહિલા કાનુની જાગૃતિ' વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

## મુલાકાત

❊ શ્રીમતી ટી.એસ.આર. કોમર્સ કોલેજ, પાટણની તા. ૩૦–૦૧–૨૦૧૯નાં રોજ સેવન ગુજરાત બટાલિયનના કમાન્ડર ઓફિસર કર્નલ પી.એસ. નિગમે મુલાકાત લીધી હતી. તેમણે એન.સી.સી.ની 'બી' અને 'સી'ની પરીક્ષાની પૂર્વ તૈયારી માટે વ્યાખ્યાન આપેલ હતું.

❊ તા. ૧૭–૨–૨૦૧૯ના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થી અને વિદ્યાર્થીઓના વાલી સાથે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

❊ શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણના સંસ્કૃતિ વિભાગ દ્વારા તા. ૧૩–૨–૨૦૧૯ના રોજ શૈક્ષણિક પ્રવાસ કરવામાં આવ્યો હતો. જેમાં તારંગાના તીર્થસ્થાનો, વિજયનગરની પોળો ફોરેસ્ટ, હરણાવ ડેમ વગેરેની મુલાકાત લેવામાં આવી હતી.

પાટણના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા તા. ૨૭–૧–૨૦૧૯ થી તા. ૩૦–૨–૨૦૧૯ દરમિયાન રાજસ્થાનના શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. જેમાં ઉદેપુર (મહારાણા પ્રતાપ સ્મારક, સજ્જનગઢ ફોર્ટ, સિટી–પેલેસ), નાથદ્વારા (શ્રીનાથજી મંદિર), કુંભલગઢ (કુંભલગઢ ઐતિહાસિક કિલ્લો) હલ્દીઘાટી (મહારાણા પ્રતાપ મ્યુજીયમ) અને માઉન્ટ–આબુ (દેલવાડાના દેરા, અચલ–ગઢ, ગુરુ–શીખર, અદ્ધર–દેવી, નકી–લેક, સન્સેટ પોઇન્ટ) વગેરે સ્થળોની મુલાકાત લીધી હતી.

તા. ૧૮–૨–૨૦૧૯ના રોજ એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર ડૉ. જે.એચ. પંચોલીની અધ્યક્ષતામાં અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડૉ. નીતીનભાઇ પેથાણીની ઉપસ્થિતિમાં વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. કાશ્મીરના પુલવામામાં શહીદ થયેલા સૈનિકોને શ્રધ્ધાંજલી આપી બે મીનીટનું મૌન પાળવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહેમાનોએ પ્રસંગોચિત્ત ઉદ્બોધનો કર્યા હતા.

તા. ૧૬–૨–૨૦૧૯ના રોજ ભારતમાં આર્થિક–સામાજિક વિકાસની અનિવાર્યતા અને વાસ્તવિકતા વિષય પર સેમિનાર, એન.જી.ઇ.એસ. કેમ્પસના એકઝીક્યુટીવ ડાયરેકટરશ્રી ડૉ. જે. એચ. પંચોલીના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો. અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષશ્રી પ્રો. ઉમેદભાઇ એચ. પટેલ, ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. પ્રદીપ પ્રજાપતિ, આર્ટ્સ કોલેજ, સતલાસણાના આચાર્યશ્રી ડૉ. જયેશભાઇ બારોટ, મહિલા આર્ટ્સ કોલેજ, ઊંઝાના આચાર્યશ્રી ડૉ. લીલાબેન સ્વામી દ્વારા વ્યાખ્યાનો આપવામાં આવ્યા હતા.

તા. ૪–૨–૨૦૧૯ના રોજ પાટણ જિલ્લા પોલીસ, પાટણ શહેર ટ્રાફિક પોલીસ અને પાટણ રોટરી દ્વારા સંયુક્ત રીતે આયોજિત માર્ગ સલામતી સપ્તાહ પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજના યજમાનપદે પાટણ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી શોભા ભૂતડાના અધ્યક્ષપદે યોજવામાં આવ્યો હતો.

તા. ૧૫–૧–૨૦૧૯ થી તા. ૧–૧–૨૦૧૯ દરમ્યાન પુના મુકામે ખેલો ઇન્ડિયામાંની નેશનલ કક્ષાની સ્પર્ધા યોજાઇ તેમાં ગુજરાત રાજ્યની ખો–ખો બહેનોની ટીમે બોન્ઝ મેડલ મેળવેલ છે. તેમાં ગુજરાત રાજ્યની ટીમમાં કોલેજની વિદ્યાર્થિની કુમારી સોનલબેન નાગજીજી ઠાકોરે ભાગ લીધેલ હતો.

આર્ટ્સ કોલેજ, પલાસરના અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડૉ. આશુતોષ પાઠકનું 'બેઝીક ઇંગ્લીશ' તેમજ 'રીડીંગ સ્કીલ' વિષયો પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

તા. ૨૩–૧–૨૦૧૯ના રોજ આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર ગાંધીનગર અને પાટણ નગરપાલિકાના આપત્તિ વ્યવસ્થાપન સંયુક્ત ઉપક્રમે આપત્તિ વ્યવસ્થાપનનાં પગલે જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

ઈકો–નેચર શિબિરનું આયોજન તા. ૧૧ અને ૧૨–૧–૨૦૧૯ના રોજ જાંબુઘોડા અભયારણ્ય, પંચમહાલ ખાતે કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા તા. ૨૪–૧–૧૯ના રોજ સમાજ પરિવર્તન માટેના દહેજપ્રથા, અંધશ્રદ્ધા, બેટીબચાવો, સ્વચ્છતા, પર્યાવરણ જાળવણી, વિદ્યાર્થી પરિવર્તન, વ્યસનમુક્તિ વગેરે નાટક, માઇમ અને એકપાત્રીય અભિનયના સ્વરૂપમાં રજૂ કરવામાં આવ્યા હતા.

મહિલા સેલ દ્વારા પાટણના જાણીતા ગાયનેકોલોજીસ્ટ ડૉ. અતુલભાઇ અગ્રવાલનું 'તરુણાવસ્થાની જાતીય સમસ્યાઓ' અંગેનાં વ્યાખ્યાનનું આયોજન કરાયું હતું.

## રંગોત્સવ

મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડી કોલેજમાં 'રંગોત્સવ ૨૦૧૯'નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ ઉપરાંત પર્યાવરણ બચાવો મિશનના ભાગરૂપે ગાંધીનગરના ઇન્દ્રોડાપાર્કનો પ્રવાસ કરવામાં આવ્યો હતો. આ સાથે વિશ્વપ્રસિદ્ધ એવા મહાત્મા મંદિર તથા કોબા જૈન દેરાસરની લાયબ્રેરી અને સંગ્રહાલયની મુલાકાત પણ લીધી હતી.

## રમતગમત

✻ મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડીમાં સ્પોર્ટ્સ–ડે ઉજવવામાં આવ્યો હતો. જેમાં ૧૦૦ મીટર દોડ, લીંબુચમચી, રીલેદોડ, ગોળાફેંક, ચક્રફેંક, બરછીફેંક, ઊંચીકૂદ, લાંબીકૂદ, સંગીતખુરશી, ટેબલટેનીસ, ચેસ વગેરે સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.

✻ શ્રી બી.પી બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ. ગુરૂ કોમર્સ કોલેજ, ઊંઝાની નેટબોલ ભાઇઓની ટીમે હેમ.ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણ દ્વારા આયોજીત આંતર કોલેજ નેટબોલ સ્પર્ધામાં ભાગ લઇ સતત છઠ્ઠીવાર ચેમ્પિયન બનેલ છે.

✻ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ આંતર કોલેજ યોગા ભાઇઓ–બહેનોની સ્પર્ધા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પી.જી. ભવન દ્વારા જીમખાના પાટણના યજમાન પદે તા. ૯–૧–૨૦૧૯ના રોજ યોજાઇ હતી. તેમાં શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ પાટણની ભાઇની ટીમ ચેમ્પિયન થયેલ છે. તેમજ બહેનોની ટીમ રર્નસઅપ થયેલ છે. ભાઇઓની ટીમમાં પટેલ હર્ષ એ., ઠાકોર સંજય વી. અને મેવાડા પ્રતિક બી. તેમજ બહેનોની ટીમમાં ચૌધરી જશોદા એ., દવે હિના એમ., અને ચૌધરી અલ્કા જે. હવે પછી ઓલ ઇન્ડિયા ઇન્ટર યુનિવર્સિટીની ટીમમાંથી મદ્રાસ મુકામે ભાગ લેવા જશે.

## શૈક્ષણિક પ્રવાસ

એચ.કે.એમ. આર્ટ્સ એન્ડ પી.એન. પટેલ કોમર્સ કોલેજ, ઇડર શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ સાયન્સ સીટી તથા ઇન્દ્રોડાની પાર્કની મુલાકાત લેવામાં આવી હતી.

# ગ્રંથદર્શન




શિર્ષક : ગ્રંથાલોકવિહાર (ગ્રંથાલય પથદર્શક સ્વ. પ્રવીણભાઇ શાહના લેખો અને સંસ્મરણોનો સંચય)
સંપાદક : મણિભાઇ પ્રજાપતિ
ઉપોદ્ઘાત : કુમારપાળ દેસાઇ
પ્રકાશક : ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ, અમદાવાદ, ૨૦૧૮
પૃષ્ઠ : ૧૪, ૪૩૦ ; કિંમત : રૂા. ૧૦૦૦/–;
ISBN : 978-81-927390-5-2

ગુજરાતના ગ્રંથાલય જગતના ગૌરવ શિખર, ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના કર્ણધાર શ્રી પ્રવીણભાઇ શાહની સ્મૃતિમાં ગુજરાતી ગ્રંથાલય સેવા સંઘ દ્વારા સદર ગ્રંથની ભેટ આપવામાં આવી છે. એક ગ્રંથાલયવિદ્ને ગ્રંથથી વધુ ભાવાંજલી કઇ આપી શકાય ? અહીં મેં જાણી જોઇને પ્રવીણભાઇના નામની આગળ સ્વ. લખવાનું ટાળ્યું છે. કારણ પ્રવીણભાઇ માત્ર દેહપીંડ નહોતા કે દેહના વિલય સાથે તેમનો વિલય થાય. તેઓ તો ગુજરાતના ગ્રંથપાલોના હૃદયમાં, ગુજરાત ગ્રંથાલય સંઘની પ્રવૃત્તિઓમાં, અટીરાની વિકાસગાથામાં, ગ્રંથાલય ધારાના સંઘર્ષમાં, ગ્રંથાલયની નૂતન ટેક્નોલોજીના નિર્માણમાં, ગ્રંથાલોક, DLIBCOMm TAXINCON, VITAMINS, ADINET અને CUCOLISના વાચકોની ગ્રંથપ્રીતિમાં, પીએચ.ડી.ના સંશોધનોમાં પ્રત્યક્ષ–પરોક્ષ માર્ગદર્શન મેળવી ધન્યતા અનુભવતા સંશોધકોના માનસ પટલમાં, તેમના કર્મયોગથી વિશેષ લાભાન્વિત થયેલ સંસ્થાઓ – "ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટ" Physical Research Laboratory, ADINET, INFLIBNET - ની ચેતનામાં... શાહ સાહેબ ધબકી રહ્યા છે. આથી તેઓ શાશ્વત છે.

તેમના આ ગ્રંથાલયપ્રેમનો પડઘો સદર ગ્રંથમાં જોવા મળે છે. ગ્રંથનો ઉઘાડ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇના ઉપોદ્ઘાતથી કરવામાં આવ્યો છે. ગ્રંથ કુલ ૪ વિભાગોમાં વર્ગીકૃત છે. વિભાગ–૧ : પ્રવીણ શાહની વાઙ્મય ઉપાસના (પ્રવીણ શાહ કૃત લેખો) જેને પુનઃ ગ્રંથાલયની વિભાવના અને સાર્વજનિક ગ્રંથાલયો, વાચન પ્રવૃત્તિ અને સાહિત્યની પસંદગી, શૈક્ષણિક ગ્રંથાલયો, માર્કેટિંગ, નિકટાસ અને નિસ્સાર, ગ્રંથપાલોની ભૂમિકા, ભારતીય રાષ્ટ્રીય વાઙ્મયસૂચિ, ચરિત્રાલેખન, ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ, Entrepeneurship, Intellectual Property Rights, Information Services, NICTAS, Information Marketing, User Education, LIS Management and Resource Sharing, Academic

Libraries, Libraries in Gujarat, Library Legislation પેટા વિભાગોમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે. ઉપરોક્ત વિષયમાં કુલ ૪૯ લેખોનો સમાવેશ થાય છે. શાહ સાહેબે કેટકેટલા વિષયોમાં ખેડાણ કર્યું છે અને આ ખેડાણના અંતે જે પામ્યા તેને પીરસ્યું છે. અહીં માત્ર માહિતીલક્ષી લેખો જ નથી. પરંતુ સંબંધીત વિષયક્ષેત્રના પ્રશ્નો, પડકારોની સાથે તેમણે તેનું સમાધાનપણ આપ્યું છે. આથી તે માત્ર સૈધ્ધાંતિક ન બની રહેતા વ્યવહારુ બને છે. દા.ત. ''Opportunities and Challenges for Library and Information Science (LIC) Professionals and Redefining LIS Education and Training in India'' (Article No. 1.32 page 166) માં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનમાં રહેલી ઉજ્જવળ તકોની સાથે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન શિક્ષણના પ્રશ્નો–પડકારો રહેલા છે. આ અંગે તેમણે ૧૮ જેટલા ઉપાયો જણાવ્યા છે. આજે ગ્રંથપાલોની ભરતી પ્રક્રિયા બાબતે સરકારની ઉદાસીનતા, સેલ્ફ ફાયનાન્સ કૉલેજોમાં અપાતો નામનો પાગર અને તેમાં ઘણી બધી કૉલેજોમાં પ્રર્વતતી અનિયમિતતા, ગ્રંથાલયના કામો ના બદલે કરાવવામાં આવતા વહીવટીય કામો, આવા બધા અનેક કારણોસર ગુજરાતની યુનિવર્સિટીઓમાં પ્રાયઃ અનુસ્નાતક ભવનોમાં સીટો ખાલી રહે છે. આ પ્રશ્નોની સામે ગ્રંથપાલ, સરકાર પક્ષે શું સમાધાન મેળવી શકાય તે તેનો દિશા–નિર્દેશ સદર ગ્રંથમાંથી મેળવી શકાય છે. આવા અનેક વિષયક્ષેત્રના લેખોને વાચા આપી છે. જે આપણને સૌને ભોમિયાની ગરજ સારે છે. પ્રત્યેક લેખમાં તેમનું નિજ અનુભવ વિશ્વના દર્શન થાય છે.

વિભાગ–૨ : પ્રવિણ શાહ વાઙ્મયસૂચિ છે. ગુજરાતની ગ્રંથાલય ચળવળના નિયામક સંચાલક હોવા છતાંય કર્મયોગની સાથે જ્ઞાનયોગની તેમની ઉપાસના અવિરત રહી છે. તેના દર્શન આપણને તેમની વાઙ્મયસૂચિમાં થાય છે.

વિભાગ–૩ : સ્મૃતિ સંવેદનાઓમાં ગુજરાતના અગ્રણી ગ્રંથાલયવિદ્દોએ તેમની સાથેના સંભારણાને સસ્નેહ અને લાગણીની પરાકાષ્ટાએ અશ્રુભીની આંખે વાગોળ્યા છે. કુલ ૩૬ ગ્રંથાલયવિદ્દો દ્વારા તેમના વિરાટ વ્યક્તિત્વને અક્ષરદેહ આપવાનો વિનમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે. જેમાં કિરીટ ભાવસાર, રમણલાલ પટેલ, કનુભાઇ શાહ, મણિભાઇ પ્રજાપતિ, પ્રોફેસર કરસીદપ્પા, એસ.બી. બેનર્જી વગેરે દ્વારા શાહ સાહેબના જીવન–કવનનો પરિચય કરાવવામાં આવ્યો છે. કેટકેટલા સંસ્મરણો, સંભારણા છે. જે માનવીય સંવેદનાસભર વ્યક્તિત્વના દર્શન કરાવે છે. જ્ઞાનયોગમાં અભિમાન એ બહુ મોટું અવરોધક પરિબળ છે. પરંતુ વૃક્ષને ફળ આવે તેમ તે વધુ નમે. તે ઉક્તિને ચરિતાર્થ કરી છે. સૌના માર્ગદર્શક, પ્રણેતા, રોલ મોડલ બની રહ્યા છે. કેટકેટલા વિશેષણોથી તેમને ગ્રંથપાલ મિત્રોએ નવાજ્યા છે જેમ કે આર્ષદ્રષ્ટાનું આચરણ, આદર્શ ગુરૂ, ગ્રંથાલય જગતના પ્રહરી, સૌ ટચનું સોનું, સદ્ગુણ સંહિતા, ગુજરાતના ડૉ. રંગનાથન, સંઘગુરૂ, ધ્રુવતારો વગેરે.

વિભાગ–૪ : શોક સંદેશાઓ છે. ગુજરાતના ખૂણે ખૂણેથી ગ્રંથપાલોએ શોકસંદેશાઓ મોકલ્યા છે. પદ્મશ્રી કુમારપાળ દેસાઇ, અમિત શાહ(ધારાસભ્ય, નારણપુર, અમદાવાદ), વિવિધ ગ્રંથાલય મંડળો, ગ્રંથપાલો વગેરેએ ભાવાંજલી અર્પી છે.

શોક સંદેશાઓ વાંચતા હૃદય ભરાઇ જાય છે. આંખો અશ્રુભીની બને છે. ''ગુજરાતના ગ્રંથાલય જગતનો મોભ'' તૂટી પડ્યો છે. પૃથ્વી પરથી જ્યારે જ્ઞાનયોગી અને કર્મયોગી વિદાય લે છે ત્યારે બહુ મોટી ખોટ વર્તાય છે. એક વિશાળ વટવૃક્ષની છત્રછાયામાં આપણે પાંગર્યા છીએ. પરંતુ હવે શાહ સાહેબની આ ગ્રંથાલયક્ષેત્રની અખંડ સાધનાની ધૂણીને ધખતી રાખવાનું આપણા સૌનું કર્તવ્ય છે. આપણે આપણા ગ્રંથાલયીત્વને દીપાવીએ અને સમગ્ર રાષ્ટ્રમાં ગુજરાતની ગ્રંથાલય પ્રવૃત્તિને રોલ મોડલ બનાવવા સંકલ્પબધ્ધ થઇએ એ જ વાસ્તવમાં શાહ સાહેબને આપેલી શ્રધ્ધાંજલી છે. ગુજરાતના ગ્રંથાલય જગતના કર્ણધારને હૃદયપૂર્વકના વંદન

**ડૉ. કનકબાળા જાની**
**કા. યુનિવર્સિટી લાઇબ્રેરિયન**

## વિજ્ઞપ્તિ

આપના અનુસ્નાતક વિભાગ તથા કૉલેજમાં યોજવામાં આવતી વિવિધ પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને અધ્યાપકો-વિદ્યાર્થીઓએ મેળવેલ વિશિષ્ટ સિદ્ધિઓની અદ્યતન માહિતીની ટૂંકીનોંધ કાગળની એક જ બાજુએ ટાઇપ કરેલ (શક્ય હોય તો ફોટો સહિત) 'ઉદીચ્ય'માં પ્રસિદ્ધ કરવા માટે નીચે દર્શાવેલ સરનામે મોકલી આપવા વિનંતી

**ડૉ. કનકબાળા જાની**
**કા. યુનિવર્સિટી લાઇબ્રેરિયન**
શિવાભાઇ ઉમેદભાઇ પટેલ ગ્રંથાલય
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.
E-Mail : udichyahngu@gmail.com

## સબરસ

પ્રથમ મિત્ર : મેં ડાયટીંગ નામની અતિ ઘોર તપસ્યા ચાલુ કરી અને એ જ દિવસે ઘરમાં....
બીજો મિત્ર : શું થયું ઘરમાં ?
પ્રથમ મિત્ર : હાફૂસ નામની મેનકા આવી અને હું વિશ્વામિત્ર બની ગયો.

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan
P.B.21, University Road, Patan-384265, Tel: +91-2766-222744, 220932, Fax: +91 - 2766-231917
E-mail : udichyahngu@gmail.com • Visit us at : www.ngu.ac.in

Editor : Dr. Kanakbala Jani (I/c University Librarian), Dr. Chanduji Thakor
Published by : Dr. D.M.Patel, I/c Registrar
Design by : Bhaskar Goswami
Printed by : Vinod Printery, Nr. Three Gate, Patan. • Mo. 9898576011
R.N.I. No. 48820/90, Valid up to 31-12-2020, Posting Reg. No. G/PTN/42, Office of Posting : PATAN H.P.O.